આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૨૫ | ૫ ફેબ્રુઆરી, ૨૦૧૩, મંગળવાર; પોષ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શહેર-જિલ્લામાં કમોસમી વરસાદ

## મોડી સાંજે ગાંધીનગર શહેર સહિત કલોલ અને માણસા તાલુકામાં કમોસમી વરસાદ : સતત પલ્ટાતા હવામાનથી ખેડૂતોમાં ભારે ચિંતા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના કલોલ અને માણસા તેમજ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આજે મોડી સાંજે કમોસમી વરસાદ થતાં ખેડૂતોમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે.

જિલ્લાના હવામાનમાં છેલ્લા થોડાક દિવસથી સતત બદલાવ જોવા મળી રહ્યો છે. કલોલ અને માણસા તાલુકામાં આજે મોડી સાંજે ૭થી ૭.૩૦ ના સુમારે ઠંડા પવનના સુસવાટાઓ સાથે વરસાદનું આગમન થયું હતું.

મળતી વિગતો મુજબ કલોલ, છત્રાલ, ધમાસણા, માણસા અને તેની આસપાસના ગામોમાં આજે સાંજથી જ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. વાતાવરણ એકદમ જ વાદળછાયુ બની ગયું હતું અને મોડી સાંજે વરસાદ થયો હતો. જો કે આ વરસાદ ૧ થી ૨ મિ.મિ. જેટલો જ થયો હોવાનું જાણવા મળેલ છે.

આ કમોસમી વરસાદને કારણે ગાંધીનગર શહેરમાં પણ રાત્રે ઠંડા પવનના સુસવાટાઓ જોવા મળ્યા હતા. વાતાવરણમાં આવેલા એકાએક બદલાવને કારણે લોકો ચિંતાતુર બની ગયા હતા. જો કે ખેડૂતો ચિંતામાં વરસાદને કારણે પડી ગયા હતા પરંતુ વરસાદ હળવો થતાં તેમણે રાહત અનુભવી હતી.

નોંધાયેલા આ કમોસમી વરસાદને કારણે પાકને કોઈ નુકશાનનો ભય નથી તેમ કૃષિ વિભાગના સૂત્રોનું કહેવું છે.

હવામાન ખાતાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે હવાનું હળવુ દબાણ સર્જાયું છે તેને લીધે આ માવઠુ સર્જાયું છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે આગામી ચાર દિવસ સુધી પણ દિવસ અને રાત્રિના તાપમાનમાં આંશિક વધારો ઘટાડો થઈ શકે છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે એક તરફ અરબીસમુદ્ર તરફથી સિસ્ટમને ભેજ મળી રહ્યો છે તો બીજી તરફ બંગાળની ખાડી પરથી આસામ મિઝોરમ તરફ ખસેલા અપરએર સરક્યુલેશનને એમ બન્ને તરફના પવનો પશ્ચિમ ભારતમાં અથડાતાં વાતાવરણમાં બદલાવ જોવા મળી રહ્યો હોવાનું પણ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર શહેરના કેટલાક વિસ્તારોમાં વરસાદના હળવા છાંટા થયાનું પણ જાણવા મળેલ છે.

## હવામાન વિભાગની વેબસાઈટ ચાર દિવસથી અપડેટ થઈ નથી

અમદાવાદ,તા.૪

દિવા તળે જ અંધારું તે કહેવતને યથાત્ કરતો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં સમગ્ર રાજ્યમાં હવામાન વિભાગની માહિતી આપતી વેબસાઈસમાં સંખ્યાબંધ ભૂલો પ્રકાશમાં આવી છે.

હવામાન વિભાગ દ્વારા છેલ્લા ચાર-ચાર દિવસથી વેબસાઈટ અપડેટ જ કરવામાં આવી નથી. જેના કારણે ખેડૂતો સહિતના લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ આ અંગે હવામાન વિબાગનો સંપર્ક કરતા ત્યાં કોઈએ ફોન ઉપાડવાની પણ તસ્દી લીધી નથી.

છેલ્લા કેટલાક દિવસથી હવામાન વિભાગની વેબસાઈટમાં અસંખ્યા ભૂલો જોવા મળી રહી છે. ગત ૩૧ જાન્યુ. ૨૦૧૩થી તો વેબસાઈટમાં કોઈ જ અપડેટ કરવામાં આવ્યા નથી. જેના કારણે લોકોએ હાલાકી ભોગવવી પડી છે. વેબસાઈટ અપડેટ ન થઈ હોવાને કારણે કોઈ આગાહી જ કરવામાં આવી રહી નથી. નોંધનીય છે કે, સમગ્ર ગુજરાતમાં અમદાવાદ ખાતે આવેલી હવામાન વિભાગની ઓફિસ દ્વારા કરાયેલી આગાહી પર જ ખેડૂતો, માછીમારો સહિતના લોકો આધાર રાખે છે.

હવામાન ખાતાની નિષ્ફળતાને કારણે એટલે કે ખાતાનો વારંવાર ટેલિફોન પર સંપર્ક સાધવા છતાં રાજ્યના અન્ય સ્થળોનું લઘુત્તમ કે મહત્તમ તાપમાન સાંપડી શક્યું નથી.આજે કેન્દ્ર સરકારના તાબાની એરપોર્ટ સ્થિત હવામાન કચેરીનું વારંવાર ટેલિફોન સંપર્ક સાધતા માત્ર ટેલિફોનની ઘંટડીઓ રણકતી હતી.

**વરસાદી માહોલ...**



(તસવીર : દિપક જાની)

## લગ્ન સમારંભોમાં વરસાદ વિલન બન્યો

ગાંધીનગર, તા.૪

સોમવારની સાંજે એકાએક પલટાયેલા વાતાવરણમાં વરસાદ પડતાં લગ્ન સમારંભોમાં દોડધામ સર્જાઈ હતી. મોડીસાંજે કલોલ, માણસા અને ગાંધીનગર શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પવનના સુસવાટા સાથે વરસાદનું ઝાપટું પડતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.

જોગાનુજોગ સત્કાર સમારંભોની સંખ્યા પણ નોંધપાત્ર હતી. કેટલાય સ્થાનો પર મંડપના કપડા ફાટ્યા, તો કેટલીક જગ્યાએ રસોડાની વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. ભારે કિંમતના કપડા પહેરીને આવેલા સગા-સબંધીઓ એકાએક વરસાદ પડતાં હાલાકીમાં મુકાયા હતા. કેટલાક સ્થાનો પર તો વર-કન્યા પણ સત્કાર સમારંભના સ્ટેજ પરથી નીચે ઉતરી ગયા હતા અને તેમને સલામત સ્થળે લઈ જવાયા હતા.

કલોલ અને ગાંધીનગર વચ્ચેના પાર્ટી પ્લોટ્સમાં પણ ભારે અફડાતફડીનો માહોલ વર્તાતો હતો. એકાએક સૌ ગાડીમાં બેસી ઘરે જવા તત્પર બનતાં માર્ગ પર પણ ટ્રાફિક જામ થઈ ગયો હતો.

ગાંધીનગરમાં પાર્ટી પ્લોટ અને લગ્નવાડીમાં યોજાયેલા સમારંભોમાં પણ નજીવી દોડધામ સર્જાઈ હતી. તો કેટલાક લોકો સજાગ બની જમવાનું ટાળી ઘર તરફ પાછા વળ્યા હતા. ભર શિયાળાનો આ કમોસમી વરસાદ કેટલાક પ્રસંગોમાં વિલનની ભૂમિકા અદા કરી હતી.



મોંઘવારીએ માઝા મૂકી છે જેમાં ગરીબોની કસ્તૂરી ગણાતી ડુંગળીના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. ડુંગળીના ભાવ વધતા લોકોમાં વિરોધ ઉઠ્યો છે.

# હવે, તાલુકા પંચાયતમાં ૮૧ ઉમેદવારો

## તાલુકા પંચાયતની ૩૧ બેઠકો માટેની ચૂંટણી જંગમાં ચકાસણી દરમિયાન ૩૫ ઉમેદવારીપત્રો રદ કરાયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૧ બેઠકો માટેના ચૂંટણી જંગમાં આજે ૩૫ ઉમેદવારીપત્રો ચકાસણી દરમિયાન ૨૬ થતાં હવે ૮૧ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

આજે સવારે ૧૧ વાગ્યાથી ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી જેમાં ડમી ઉમેદવારોના ઉમેદવારીપત્રો સહિત કુલ ૩૫ જેટલા ઉમેદવારી પત્રો અમાન્ય જાહેર કરાયા હતા. હવે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસે ચૂંટણી ચિત્ર સંપૂર્ણ રીતે સ્પષ્ટ થઈ જશે.

આજે તાલુકા વિકાસ અધિકારીશ્રીના ચૂંટણી મતવિસ્તારમાં ૧૮ અને મામલતદારશ્રીના ચૂંટણી મતવિસ્તારોમાં ૧૭ ઉમેદવારીપત્રો અમાન્ય રાખવામાં આવ્યા હતા. જે ચૂંટણી ચિત્ર ઉપસ્યું છે તેમાં કોલવડા અને રાંધેજા-૨ બેઠક પર પાંચ પાંચ ઉમેદવારો મેદાનમાં છે.

જયારે ઉનાવા, કુડાસણ અને શેરથાની બેઠકો પર ૪-૪- ઉમેદવારો મેદાનમાં રહેવા પામ્યા છે, સાત બેઠકો ઉવારસદ, ડભોડા-૧, દો-વાસણા, ધણપ, પ્રાંતિયા, શિહોલી, ભાટ પર ત્રણ ત્રણ ઉમેદવારો મેદાનમાં છે.

તાલુકા પંચાયતની ૧૯ બેઠકો પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ જામશે. આ સીધી સ્પર્ધાનો જંગ તીવ્ર હશે તેમ રાજકીય નિરીક્ષકોનું માનવું છે.

તાલુકા પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારના ખર્ચની મર્યાદા ૧.૨૫ લાખ રૂ. નિયત કરવામાં આવી છે. ૧૩થી પણ વધુ અપક્ષ ઉમેદવારોને આજે સાંજે ચૂંટણીના મુકત પ્રતીકોમાંથી પ્રતીક ફાળવી દેવામાં આવશે.

## આજે ગ્રામ પંચાયતની મતગણતરી

અમદાવાદ, તા.૪

ગુજરાતના ૧૫ જિલ્લોની ૧૧૪૧ ગ્રામપંચાયતોની યોજાયેલ ચૂંટણીનું મંગળવારે પરિણામ જાહેર કરવામાં આવશે. આ ગ્રામ પંચાયતો માટે રવિવારે યોજાયેલા મતદાનમાં ૭૫થી ૮૦ ટકા જેટલું ભારે મતદાન થતા તમામ ઉમેદવારો પરિમામને લઈને દ્વિધામાં મુકાયેલ છે. ત્યારે મંગળવારે દરેક જિલ્લા મથકોએ સવારે ૯ કલાકથી મતગણતરી હાથ ધરવામાં આવશે.

ગુજરાતની કુલ ૧૪૪૭ ગ્રામ પંચાયતોમાંથી ૨૮૬ ગ્રામપંચાયતો બિન હરીફ જાહેર કરાઈ હતી. જ્યારે બાકીની ૧૧૪૧ ગ્રામ પંચાયતો માટે રવિવારે મતદાન યોજાયુ હતુ. જેની મતગણતરી મંગળવારે હાથ ધરવામાં આવશે. દરેક જિલ્લા મથકોએ હાથ ધરાવનારી આ મતગણતરીને લઈ ઉમેદવારોની સાથે સાથે ગ્રામજનોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. આ વખતે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં પ્રથમ વખત ઈવીએમ મશીનનો ઉપયોગ કરાયો હોવાથી બપોરે બે વાગ્યા સુધી તમામ ગ્રામ પંચાતોના પરિણામ જાહેર થઈ જાય તેવી શક્યતા છે.

# આજે સ્થાયી સમિતિમાં મનપાનું ડ્રાફ્ટ બજેટ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગરપાલિકાનું વર્ષ-૨૦૧૩ના નાણાંકીય વર્ષમાં નવા કરવેરા વિનાનું બજેટ આજે મ્યુનિ. કમિશનર શ્રી લલિત પાડલિયા સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજુ કરશે.

ગાંધીનગર મહાનગરપાલિકાનું આજે દ્વિતીય બજેટ સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજુ થનાર છે. કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ ૧૧.૩૦ વાગે મ્યુનિ. કમિશનરશ્રી તેમનું ડ્રાફ્ટ બજેટ રજુ કરશે.

પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળનાર સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં આ બજેટ રજુ કરાયા બાદ બે જ દિવસમાં સ્ટેન્ડીંગ કમિટી તેના પર વિચારણા કરી અને કમિશનરશ્રીને પરત મોકલશે જે પછીથી સામાન્ય સભામાં આખરી મંજૂરી માટે રજુ થશે.

મળતી વિગતો મુજબ મ્યુનિ. કમિશનરશ્રી કોર્પોરેશન નવુ હોવા છતાં નવી આવકના સાધનો ઉભા કરવા કરતાં હયાત આવકના સ્ત્રોતોમાંથી વધુ આવક મેળવવા પર ભાર મુકે તેવી શક્યતાઓ છે. જો કે આ બજેટમાં કોઈ નવી બાબતો ઓછી હશે તેમ મનાઈ રહ્યું છે. આમ છતાં સફાઈની સેવાઓના સઘનીકરણ પર વિશેષ ભાર મુકવામાં આવશે.

આ ઉપરાંત નવી સેવાઓ આગામી દિવસોમાં કોર્પોરેશનને સોંપાય તો તેને પહોંચી વળવા માટે જરૂરી સ્ટાફની ભરતી તેમજ હાલની સ્ટાફ પેટર્નમાં થોડોક સુધારો કરી અને વધુ સારી સેવાઓ કઈ રીતે આપી શકાય તેના પર વિશેષ ભાર મુકવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

ખાસ કરીને પેપરલેસ કમિશ્નરેટ બનાવવા માટેની નવી યોજના કમિશનરશ્રી લઈ આવે તેવા સંકેતો મળી રહ્યા છે. વહીવટીય સુધારણા અને વહીવટના કોમ્પ્યુટરાઈઝેશન અંગે રાજ્ય સરકારે ગત વર્ષે સારી એવી રકમ ફાળવી હતી અને તેને લઈ આ યોજના આ વર્ષે આગળ ધપાવવા માટે કમિશનર તરફથી ખાસ પગલાં સૂચવવામાં આવશે.

રાજ્ય સરકાર તરફથી વધુ અનુદાન મળે તે માટેના પ્રયાસો પણ સઘન બનાવી પ્રજાને નવા કરબોજમાંથી મુક્તિ આપવામાં આવે તેવી શક્યતાઓ છે.

# વાવ ખાતે કરાની સાથે વરસાદ પડ્યો

## પાટણ, ભૂજમાં માવઠુ : ગુજરાતભરના તમામ જિલ્લાઓમાં આજે એકાદબે સ્થળે વરસાદની આગાહી : પોરબંદર-વલસાડમાં ૧૫.૬ ડિગ્રી

અમદાવાદ, તા.૪

બનાસકાંઠાના વાવમાં આજે કરા સાથે વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત પાટણ, વિરમગામ, સાંતલપુર, દ્વારકા, ભૂજ અને ઓખામાં માવઠું થયુ હતુ. માવઠાથી પાકને નુકસાન થવાની શક્યતા વધી ગઈ છે. આ ઉપરાંત અમદાવાદ સહીત રાજ્યમાં હાલમાં દિવસે ગરમી અને રાત્રે ઠંડી એમ બેવડી ઋતુ ચાલે છે. બેવડી ઋતુને કારણે શરદી, ખાંસી અને તાવના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યમાં આજે સૌથી વધુ ઠંડી પોરબંદર અને વલડાસમાં ૧૫.૬ ડીગ્રી સેલ્સીયસ નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી છે કે, આવતીકાલે રાજ્યના તમામ જિલ્લામાં દીવ, દમણ અને દાદરાનગર હવેલીમાં એકાદ બે સ્થળે વરસાદ પડવાની શક્યતા છે. અમદાવાદમાં વરસાદની શક્યતા છે અને લઘુત્તમ તાપમાન ૧૫ ડીગ્રીની આસપાસ રહે તેવી શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૨૯.૩ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૮.૪ ડીગ્રી સેલ્સીયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૮૧ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૪૫ ટકા નોંધાયું હતું. હાલમાં દિવસે ગરમી અને રાત્રે ઠંડી એમ બેવડી ઋતુ ચાલે છે અને તેથી શરદી, ખાંસી અને તાવના કેસોમાં વધારો થયો છે. આથી ડોક્ટરોને ત્યાં દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. રાજ્યમાં લઘુત્તમ તાપમાન ડીસામાં ૧૬.૭ ડીગ્રી, ગાંધીનગર ૧૬.૫, વડોદરા ૨૧, સુરત ૨૧.૫, રાજકોટ ૧૭.૭, મહુવા ૧૭.૯, ભુજ ૧૯.૦ અને દીવમાં ૧૭.૩ ડીગ્રી સેલ્સીયસ નોંધાયું છે.

## હિમ વર્ષાની ગુજરાત પર સીધી અસર

શ્રીનગર,તા. ૪

જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં આજે સવારે ફરી એકવાર ભારે હિમવર્ષા થઈ હતી જેથી જનજીવનને પ્રતિકૂળ અસર થઈ છે. ભારે હિમવર્ષાના કારણે શ્રીનગર-જમ્મુ રાજમાર્ગને બંધ કરી દેવાની ફરજ પડી છે જેથી મોટી સંખ્યામાં વાહનો અને યાત્રી બસો અટવાઈ પડી હોવાના સમાચાર મળ્યા છે. ૩૦૦ કિલોમીટર લાંબા માર્ગ ઉપર બનીહાલ સેક્ટરમાં ભારે હિમવર્ષા થઈ છે. બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે વ્યુહાત્મક શ્રીનગર-જમ્મુ હાઈવેના બનીહાલ સેક્ટરમાં ભારે વરસાદ અને હિમવર્ષા થઈ છે. વાહન વ્યવહાર માટે આ રાજમાર્ગને બંધ કરાતા સેકડોની સંખ્યામાં વાહનો અટવાઈ પડ્યા છે. રોડ કલીયરન્સ ઓપરેશન શરૂ કરવામાં આવી ચૂક્યું છે. યાત્રીઓ અને ચીજવસ્તુઓને લઈને નીકળેલા વાહનો હાઈવે ઉપર અટવાયેલા છે.

આ વાહનોને આગળ વધવાની મંજૂરી આપવામાં આવી રહી નથી. શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય રાજમાર્ગને દેશના અન્ય ભાગો સાથે ખીણને જોડતા એક માત્ર માર્ગ તરીકે જોવામાં આવે છે. તમામ જીવનજરૂરી પુરવઠો આ રાજમાર્ગ મારફતે જ કાશ્મીરમાં પહોંચે છે. વેપારીઓને પણ મુશ્કેલી નડી રહી છે. કિંમતો વધવાની શરૂ થઈ ચૂકી છે જેથી સંગહખોરીમાં વધારો થયો છે. હવામાન વિભાગે કહ્યું છે કે ખીણમાં આજે પણ ભારે હિમવર્ષા અને વરસાદ જારી રહી શકે છે. આ સ્થિતિ ૭મી ફેબ્રુઆરી સુધી યથાવત્ રહેવાના એંધાણ છે જેના પરિણામ સ્વરૂપે લોકોને હાલમાં તકલીફોનો સામનો કરવો પડશે. સ્થાનિક હવામાન વિભાગના ડિરેક્ટર સોનમ સોટસે જારી કરેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ખીણમાં પીર પંજાલ પહાડી વિસ્તારોમાં અતિ ભારેથી ભારે વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે જેથી વિમાની અને પરિવહન સેવાને અસર થવાની શક્યતા દેખાઈ રહી છે. જમ્મુ કાશ્મીરમાં આ વર્ષે પણ ભારે હિમવર્ષા થઈ છે